## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



તને ખબર છે ?... ગઇ સીઝનમાં ટામેટાના ભાવ નતા એટલે બધા ટામેટા તને ખવડાવ્યા હતા... તેનો આજે શુ ભાવ છે...!!



વરસાદે શહેરને જાણે ભૂવાનગર બનાવી દીધુ છે. શહેરને સ્માર્ટસીટી બનાવવાની લ્હાયમાં આડેધડ ખોદકામ કરવામાં આવ્યુ છે, પરંતુ તેના પછી યોગ્ય પુરાણ ન થતાં વરસાદ પડતા જ જમીન ધસી પડે છે. તેમાં મોટા ભૂવા પડે છે. વરસાદી સિઝનમાં પડતા આવા ભૂવા ક્યારેક જોખમી બની રહે છે. આવતા-જતા રાહદારીઓ અને વાહનચાલકો માટે તે ખતરારૂપ રહે છે. વળી વસાહતીઓ ભૂવા અંગે ફરિયાદ કરે તો પણ તંત્રના કાને જાણે કંઈ સંભળાતુ જ નથી. એકબીજા પર ખો નાંખી દેવાય છે. સેક્ટર-૫ માં સર્વિસ રોડની બાજુમાં ઘણા બધા ભૂવા પડેલા જોઈ શકાય છે. આવતા-જતા રાહદારીઓ માટે તે મુશ્કેલરૂપ બની શકે છે. સેક્ટર-૮માં પણ ચર્ચવાળા રોડ પર ઘણા દિવસોથી ખૂબ મોટો ભૂવો પડ્યો છે. સ્થાનિક વસાહતીઓએ અનેકવાર ફરિયાદ કરી છે પણ તેનો ઉકેલ આવતો નથી.

## ખૂણેખાંચરેથી

● શહેર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટે આજે તેમનો જન્મદિવસ કૈલાસધામ અને અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ કરી ઉજવણી કરી હતી.

● રાજ્ય સરકારે આંકડા બ્યુરો કચેરીના નિયામક પારેખની બદલી કમિશનર આરોગ્યની કચેરીમાં કરી તો બે સંયુક્ત નિયામકોને નિયામક તરીકે બઢતી આપી. આંકડા બ્યુરો નિયામક તરીકે શ્રીમતિ એલ.આર. કક્કડને નિમ્યા તો સુથારને સામાજિક આંતર માળખાકીય સોસાયટીમાં નિમણૂંક આપી.

● દહેગામમાં પડેલા ભારે વરસાદ પછી અન્ડરપાસમાં રિક્ષા બંધ થઈ જતાં ફસાયેલી પરીક્ષાર્થીની મદદે આવેલા બે પત્રકારો અશોક પટેલ, કલ્પેશ શાહે પરીક્ષાર્થીનીને પરીક્ષાખંડમાં સમયસર પહોંચાડી હતી.

● ગાંધીનગર શહેરમાં નવા બની રહેલા સદસ્ય નિવાસમાં પાયા માટે ખોદાયેલા ખાડાઓ ભરાઈ જતાં સાંજે મોટર મુકી પાણીનો નિકાલ રોડ પર કરવામાં આવ્યો હતો.

● ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં વરસાદી પાણી ભરાઈ રહેતાં કાઉન્સીલરો અને તંત્ર આજે સતત દોડતુ રહ્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં પણ પાણી ભરાઈ રહેવાની સમસ્યાને લઈ આજે સૌ કોઈ નિકાલની કામગીરીમાં અટવાયેલા રહ્યા હતા.

● ગાંધીનગરમાં વિવિધ પડતર માંગણીઓ અંગે ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળની બેઠક યોજાઈ હતી.

● જય અંબે પગપાળા સંઘ કોલવડા-ગાંધીનગરના કાયમી સભ્ય અરૂણાબેન વ્યાસ વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થતાં જાણીતા વકીલો, સમાજના આગેવાનો, શ્રેષ્ઠીઓએ હાજર રહી નિવૃત્તિ જીવનની શુભકામનાઓ પાઠવી હતી.

● આજોલની સી.એમ.ડી. શાહ હાઈસ્કૂલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો.

● બોરીયા અને દોલારાણા વાસણાની શાળાના બાળકોને તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય દ્વારા નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● આદર્શ નિવાસી શાળા સે. ૮ ખાતે મેડીકલ કેમ્પનું આયોજન કરાયુ હતુ.

● શેરથા ટોલટેક્ષ ખાતે દેશી દારૂના જથ્થાની હેરાફેરી કરતા બે ઈસમો ઝડપાયા.

● ચિલોડાનું આરોગ્ય કેન્દ્ર ભારે વરસાદમાં ટાપુ જેવુ બની ગયુ છે.

● કલોલના શોભાસણ ગામમાંથી ૧૪ બકરી અને એક બકરાની ઉઠાંતરીથી ચકચાર મચી જવા પામી છે.

● બોરીસણા ગામે લક્ષ્મીપુરા-ખોરજાપરા ખાતેની સાઈડ ઉપરથી લોખંડના ઝાંપાની ચોરી થઈ.

● ગાંધીનગર-સરખેજ હાઈવે પર જોખમી સ્ટંટ કરતા યુવકને પોલીસે ઝડપી લીધો.

● જિલ્લાની સરકારી કચેરીઓના શૌચાલયોની સફાઈ કામગીરી સામે પ્રશ્નાર્થો ઉભા થયા છે.

● ગાંધીનગર શહેર એ રાજ્યનું એકમાત્ર શહેર એવુ છે જ્યાં પાણીના ત્રણ અલગ-અલગ દરોથી વસુલાત થાય છે.

# સેક્ટર-૧૭ છ ટાઈપમાંથી ઘર પાસે પાર્ક કરેલુ બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭ મકાન નં.૪૭-૧૦ છ ટાઈપની આગળ પાર્ક કરેલ યામાહા એફ ઝેડ બાઈકની ચોરી થવા પામી છે. યુવકે રૂ.૬૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે. મળતી વિગત મુજબ શહેરના સેક્ટર-૧૭ છ ટાઈપ બ્લોક નં. ૪૭-૧૦ ખાતે વિવેક નિલેશભાઈ રાવલ પરિવાર સાથે રહે છે. બિરસા મુંડા ભવન ખાતે સિનિયર કલાર્ક તરીકે ફરજ બજાવે છે. યુવક પાસે યામાહા એફ ઝેડ બાઈક નં. જી. જે. ૦૧. યુ. એફ. - ૭૪૮૧ નું છે. તેઓ ઓફિસ આવવા જવા માટે બાઈકનો ઉપયોગ કરતા હતા. ગત તા.૭ ના રોજ રાત્રીના દશ વાગે ઘરે આવીને બાઈક ઘર પાસે પાર્ક કર્યુ હતું. જયારે બીજા દિવસે સવારે આઠ વાગે તેઓ મિત્ર સાથે ગાડીમાં હિંમતનગર ગયા હતા. ત્યારબાદ સાંજના સાત વાગે હિંમતનગર થી પરત ઘરે આવ્યા હતા. તેઓને બાઈકની જરુર પડતા પાર્ક કરેલ જગ્યાએ બાઈક લેવા જતા બાઈક હતુ નહી. જેથી આસપાસ રહેતા નાગરીકોને બાઈક અંગે પુછતા બાઈક જોવા મળ્યું ન હતું. આજદીન સુધી બાઈક મળી ન આવતા આખરે યુવકે રૂ.૬૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત રાજય કર્મચારી મહામંડળની પડતર પ્રશ્નો મુદ્દે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૯

આજે ગુજરાત રાજય સંકલન સમિતિ અને ગુજરાત રાજય કર્મચારી મહામંડળની બેઠક જુના સચિવાલય કેન્ટીન ખાતે યોજાઈ હતી.જેમાં ફીકસ પગારની પ્રથા નાબુદ કરવી અને જુની પેન્શન યોજનાનો સત્વરે અમલ કરવા સરકાર પાસે માંગ કરવામાં આવી છે. સરકારી કર્મચારીઓ છેલ્લા કેટલાક સમયથી પોતાની પડતર માંગણીઓ અંગે સરકાર સમક્ષ રજુઆત કરતા આવ્યા છે. તેમ છતા આજદીન સુધી વિવિધ પડતર પ્રશ્નોનું હકારાત્મક નિવેડો નહી આવતા સરકારની નિતી સાથે કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો હતો. ત્યારે આજે વિવિધ પડતર માંગણીઓ મુદ્દે ગુજરાત રાજય કર્મચારી મહામંડળની ગાંધીનગરમાં બેઠક યોજાઈ હતી. આ અંગે ગુજરાત રાજય કર્મચારી મહામંડળના સિનિયર ઉપ પ્રમુખ જયેશ ગૌસ્વામીએ જણાવ્યુ કે આજે સચિવાલયની કેન્ટીનમાં કર્મચારીઓના વિવિધ પડતર પ્રશ્નોને લઈ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતું.જેમાં કર્મચારીઓના પડતર પ્રશ્નો જેવા કે જુની પેન્શન યોજનાની સત્વરે અમલવારી, ફિકસ પગાર પ્રથા નાબુદ કરવી, પગાર વિસંગતતા દુર કરવાની પડતર માંગણીની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ૩૦ જુનના રોજ નિવૃત થનાર અને થયેલ કર્મચારીને એક ઈજાફાનો લાભ આપવા, વર્ગ-૪ ની કાયમી ભરતી કરવી, જુની પેન્શન યોજના ની માંગણી સંદર્ભે ૩૦ મી જુલાઈએ રામલીલા મેદાન ખાતે યોજાનાર સભા અને રેલીમાં મોટી સંખ્યામાં જવાની રણનિતિ તૈયાર કરવામાં આવી છે. ગુજરાત રાજય કર્મચારી મંડળના લેટરપેડનો દુરઉપયોગ કરનાર ભરતભાઈ ચૌધરી તેમજ સતિષભાઈ પટેલ વિરુદ્ધમાં પોલીસ કેસ દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરવાનું આજની બેઠકનું નક્કી કરવામાં આવ્યું હતું. તે સમયે પડતર પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવા માટે સરકાર પાસે માંગ કરવામાં આવી છે.

# મુબારકપુરમાં યુવકને પગમાં બચકુ ભરનાર કપીરાજ પાંજરે પુરાયો



ગાંધીનગર, તા.૯

ગાંધીનગર-મહુડી માર્ગ પર આવેલા મુબારકપુર ગામે તાજેતરમાં ઓસરીમાં સુઈ રહેલા યુવકને પગના ભાગે બચકુ ભર્યું હતું. જેથી યુવકને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયો હતો. ત્યાંથી યુવકને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયો હતો.જયાં યુવકના પગે ઓપરેશન કરવામાં આવ્યું હતું. ત્યારે યુવકને પગના ભાગે ૨૬ ટાંકા આવ્યા છે. ત્યારે હડકાયા કપીરાજને પકડવા માટે વનવિભાગ અને સેવાભાવી સંસ્થા દ્વારા પાંજરા મુકવામાં આવ્યા હતા. તેમાં એક કપીરાજ પકડાતા મુબારકપુરના ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો.જયારે કપીરાજના આતંકને પગલે ઘરમાંથી બહાર નીકળવુ પણ ગ્રામજનો માટે મુશ્કેલ બન્યું હતું. ત્યારે હજુ પણ બે થી વધુ કપીરાજને પકડવા માટે કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# ઝુંડાલ બ્રીજ નીચેથી બુલેટની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૯

અમદાવાદ ન્યું સીજી રોડ ચાંદખેડા હરીઓમ કોમ્પ્લેક્ષ ખાતે તૃપ્તી હોસ્ટેલ પીજીમાં રહેતા ભાગ્યેશ નરેન્દ્રભાઈ પટેલ નંદાસણ ખાતે આવેલી માઈક્રોવેકસ નામની કંપનીમાં સિવિલ એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે. યુવકે નોકરી પર આવવા જવા માટે બુલેટની ખરીદી કરી હતી.

વર્ષ ૨૦૧૯ ના મોડલનું બુલેટ ફેબ્રુઆરી-૨૦૧૩ માં ખરીદ્યુ હતું. યુવક ચાંદખેડા થી બુલેટ લઈને ઝુંડાલ બ્રિજ સુધી આવતો હતો અને બ્રિજ નીચે બુલેટ પાર્ક કરી કંપનીની બસમાં નોકરી પર જતો હતો. ત્યારે ગત તા.૬ ના રોજ બુલેટ લઈ ઝુંડાલ બ્રીજ નીચે મુકી સ્ટાફ બસમાં બેસીને યુવક નોકરી પર ગયો હતો. જયારે સાંજના સાત વાગે આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બુલેટ ન હતું. તેઓએ આસપાસના વિસ્તારમાં બુલેટની શોધખોળ કરી હતી.પરંતુ બુલેટ મળી ન આવતા અડાલજ પોલીસ મથકે રૂ.૧લાખના બુલેટની ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

# અંબાપુર કેનાલમાંથી અજાણી મહિલાનો મૃતદેહ મળ્યો



ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના અંબાપુર ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી એક અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. મૃતક મહિલાના હાથી મીની લખેલા છુંદણાના પગલે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ અંબાપુર ગામમાંથી પસાર થતી નર્મદા કેનાલ માં મહિલાનો મૃતદેહ તરતો હોવાની જાણ થતા અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો દોડી પહોંચ્યા હતા. ત્યારપછી ફાયર ટીમના જવાનોએ ભારે જહેમત બાદ મૃતદેહને બહાર નીકાળ્યો હતો. મહિલાની ઓળખ થાય તે માટે આ વિસ્તારમાં શોધખોળ આદરી હતી. ગુમ થયેલી મહિલાઓની યાદી પણ તપાસી હતી. મહિલાની ઓળખવિધી થઈ શકી નથી. મૃતદેહનું ગાંધીનગર સિવિલ પીએમ કરાવી મૃતક મહિલાએ લાલ અને સફેદ કલરની છાપવાળુ કાળુટોપ તેમજ કાળા કલરનું સલવાર (પંજાબી) પહેરેલ છે. જયારે મહિલાના હાથમાં મીની છુંદણાથી ત્રોફાવ્યું છે. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સેક્ટર-૨૪માંથી વિદેશીદારૂની ૧૧ બોટલ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૯

શહેરના સેક્ટર-૨૪ અંબેમા ના મંદિર નજીકથી વિદેશી દારૂની ૧૧ બોટલ સાથે યુવકને પકડી પાડી સેક્ટર-૨૧ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી વિગત મુજબ સેક્ટર-૨૧ પોલીસ પેટ્રોલીંગમાં હતી તે સમયે પોલીસને બાતમી મળી હતી કે સેક્ટર-૨૪ અંબેમાના મંદિર નજીક એક શખ્સ વિદેશી દારૂની વેચાણ કરે છે. જેથી બાતમીવાળી જગ્યા પરથી પોલીસે શહેરના સેક્ટર-૨૪ શ્રીનગર સોસાયટી મ.નં.૭૨-૩૦૬ ખાતે રહેતા સાહિલસિંહ નરેન્દ્રસિંહ રાઠોડને અંબાજી માતાજી મંદિરના ચોક નજીક અમુલ ડેરીની સામે મકાનની દિવાલ પાસેથી વિદેશી દારૂની ૧૧ બોટલ સાથે સેક્ટર-૨૧ પોલીસે પકડી પાડ્યો છે.

પોલીસે રૂ. ૫ હજારની વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા યુવા ઉત્સવની ઉજવણી




ગાંધીનગર, તા. ૯

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા જિલ્લા કક્ષાના યુવા ઉત્સવનું આયોજન તારીખ ૮ જુલાઈ ૨૦૨૩ ના રોજ, તખતપૂરા કોમ્યુનિટી હોલ, માણસા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી શારદાબેન પટેલ સાંસદ સભ્ય શ્રી-લોકસભા મહેસાણા, તથા જુગલજી ઠાકોર (લોખંડવાલા), શ્રીમતી મનીષાબેન શાહ રાજ્યનિર્દેશક નેહરુ યુવા કેન્દ્ર સંગઠન ગુજરાત તથા માણસા વિધાનસભાના ધારાસભ્યશ્રી જે એસ પટેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આમંત્રિત સર્વે મહાનુંભાવોએ પ્રાસંગિક વક્તવ્ય દ્વારા સ્પર્ધકોમાં ઉત્સાહ વધારેલ હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના બસો જેટલા યુવાનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે નગરપાલિકા ફાયર વિભાગ, મહિલા બાલ વિકાસ વિભાગ, કૌશલ્ય વિકાસ કેન્દ્ર અને વરણયમ ફાઉન્ડેશન દ્વારા સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. યુવા ઉત્સવ કાર્યક્રમનું સફળ આયોજન શ્રી પંકજ મારેચા જિલ્લા યુવા અધિકારી નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર, મંથન શાહ તેમજ હાર્દિક મોચી દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે સંચાલન કુ. રિયા નિમાવત તથા કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય



ગાંધીનગર, તા. ૮

ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકાના શોભાયડા, સુનોક, ગડાદર તથા ખારી ગામમાં કુલ ૯૮ લાભાર્થીને વિવિધ વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦૦ ગ્રામ કપાસીયા તેલ, ચા, બિસ્કીટ તથા છોડ પણ આપ્યા હતા. છોડમાં જાંબુ, આમળા, સીતાફળ, હરડે વિગેરે આપ્યા હતા. આ સેવાકાર્યમાં રાજપુત, મિલિન્દભાઈ, હેમાભાઈ સાથે રહી સેવાકાર્ય કર્યુહતુ.

# જે.એમ. ચૌધરી પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૯

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરેલ હતુ. જેમાં ધો. ૮ નાં વિદ્યાર્થીઓ પાસે વૃક્ષારોપણ કરાવ્યું હતું. શાળાના આચાર્યબેન ચૌધરી અંજનાબેને વિદ્યાર્થીઓને વૃક્ષો વિશે સમજણ આપી હતી તેમજ ચૌધરી રમીલાબેન તથા ચૌધરી શીતલબેન એ. એમને બાળકોને આપણા જીવનમાં વૃક્ષોનું શું મહત્વ છે તેના વિશે અને પર્યાવરણમાં ઉભી થતી સમસ્યાઓની સમજણ આપી અને સરસ મજાનું ગીત સંભળાવ્યુ હતુ.

આ કાર્યક્રમનું આયોજન ચૌધરી મંજુલાબેન એમ. ચૌધરી, રમીલાબેન જી. ચૌધરી, શીતલબેન એ. તથા ચૌધરી શીતલબેન એમ.એ કર્યુ હતુ.

## છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૪૮,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ અપાયો

ગાંધીનગર, તા. ૯

આદિજાતિ દીકરીઓ અને દીકરાઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરવા માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વવાળી ગુજરાત સરકાર સંકલ્પબદ્ધ છે. આ સંકલ્પને સિદ્ધ કરવાના ઉદેશ સાથે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ડૉ.કુબેરભાઈ ડિંડોરના માર્ગદર્શનમાં ગુજરાતમાં આદર્શ નિવાસી શાળાઓમાં તા.૩૦ જૂન-૨૦૨૩ની સ્થિતિએ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ધોરણ ૯ થી ૧૨માં ૯,૮૨૧ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. જેમાં ૪,૯૮૮ કુમાર તેમજ ૪,૮૩૩ કન્યા એમ કુલ ૯,૮૨૧નો સમાવેશ થાય છે તેમ, આદિજાતિ વિકાસ નિયામક શ્રી સુપ્રિતસિંહ ગુલાટીએ જણાવ્યું છે. નિયામકશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતમાં વર્ષ ૧૯૮૬-૮૭થી આ યોજના અમલી છે. છેલ્લા પાંચ વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૮-૧૯માં ૮,૭૭૦ વિદ્યાર્થીઓને, વર્ષ ૨૦૧૯-૨૦માં ૮,૫૮૮, વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૦,૨૨૩, વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૦,૯૫૩ જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૦,૪૫૫ એમ કુલ ૪૮,૯૮૯ વિદ્યાર્થીઓને આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે, આ માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૩૯,૭૪૬ લાખથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે.



ચિલોડા પંથકમાં ગત શનિવાર ની રાત્રી સતત ભારે વરસાદ તૂટી પડતા ધનપ મુઠીયા વહેણ માં પુષ્કર વરસાદ નું પાણી વહેવા માંડ્યું ત્યારે ચિલોડા સર્કલ પાસે આવેલું એક માત્ર સરકારી આરોગ્ય કેન્દ્ર માં પાણી ઘુસી જતા કેન્દ્ર પાણી માં ગરકાવ થઈ ગયું